ૐ નમઃ પ્રણવાર્થાય શુદ્ધજ્ઞાનૈકમૂર્તયે ।
નિર્મલાય પ્રશાંતાય દક્ષિણામૂર્તયે નમઃ ।।

કૃપાપ્રસંગ શ્રવણ-મનન - (૧)

પરમહંસ શકરાનંદ સરસ્વતી

નિવેદક--ભક્ત શ્રીત્રિભુવન દાસ કૃપાશંકર વૈદ્ય

શ્રવણમનન પ્રેરક--ભક્ત શ્રીમાણિક્ય વર્માજી

(૧) કૃપાપ્રસંગનું સંક્ષિપ્ત વિવરણ

શ્રીનાથચરિતામૃત પ્રથમપ્રવાહ—ધારા-૨૪-માં—માંગરોળ-યોગપ્રવૃત્તિ-ચમત્કાર—માં આ કૃપાપ્રસંગ ભક્ત શ્રીત્રિભુવનદાસ કૃપાશંકર વૈદ્ય—શ્રીમાન્ કીભાઇએ વિસ્તૃતરીતે જણાવેલો છે.

પૂજ્યપાદ શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ પરમકારુણિક સદ્ગુરુશ્રી શ્રીમન્ નથુરામશર્મા આચાર્યજી માંગરોળ આશ્રમમાં નિવાસ કરી રહ્યા હતા, તે સમયનો આ કૃપાપ્રસંગ છે.

આ કૃપાપ્રસંગનું સ્મરણ–ધ્યાન–અનુસંધાન–ચિંતન શરણાગત સાધકો માટે ઉપકારક થશે. આ કૃપાપ્રસંગનું સંક્ષિપ્ત વિવરણ આ પ્રમાણે છે.

જય યોગીશ્વર નાથ દયાળ, જય યોગીશ્વર નાથ દયાળ...
જય શ્રીમહેશ્વર નાથ દયાળ, જય શ્રીમહેશ્વર નાથ દયાળ...
શકરાનંદ પરમહંસ, પરમપદ-બોધિની સત્સંગ,
હરિદ્વાર માંગરોળ પ્રવાસ, દર્શન યોગીવર સહવાસ;
સાધક કે સિદ્ધ પ્રશ્ન કીધો, દંભ દોષ ભસ્મ કીધો;
સંન્યાસીને મુકત કરી એવ, મહેર કીધી આપે તત્એવ.
યોગપ્રશિક્ષણ સત્સંગ દાન, સંન્યાસીધર્મ જ્ઞાન પ્રદાન;
જય યોગીશ્વર નાથ દયાળ, જય યોગીશ્વર નાથ દયાળ...

(૨) પરમહંસ શંકરાનંદ સરસ્વતીનું મહાત્માશ્રીના મેળાપ માટે માંગરોળ આવવું, અને તેમના તથા મહાત્માશ્રી વચ્ચેના સંવાદનો રમૂજી વૃત્તાંત, તેમ જ બનેલો અજબ ચમત્કાર.

પરમહંસ શંકરાનંદ સરસ્વતીએ--સંન્યાસીએ--નરમ અવાજમાં મને કહ્યું કે હું હૃષીકેશથી અહીં કોક નથુરામનામના યોગી મહાત્મા રહે છે તેમને મળવા માટે આવ્યો છું. મારીપાસે તેમનું રચેલું પરમપદબોધિની નામનું પુસ્તક પણ છે. વધારામાં તેણે આ પણ કહ્યું કે અહીં તેનો કોઇ શિષ્ય છે તે દરેક ટંકે એંશી એંશી પ્રાણાયામ કરીને દરરોજ ત્રણ વખત તે ક્રિયા કરે જાય છે એવું પણ મેં સાંભળ્યું છે.

તુરત જ મેં તેને જણાવ્યું કે કૃપાળુ મહાત્માશ્રી નથુરામશર્મા મારા પરમપૂજ્ય, મારું પરમદૈવત અને મારા સદ્‌ગુરુ છે; અને તમે જણાવેલો તેમનો શિષ્ય હું છું.

એટલે શીઘ્ર જ તેણે ઊભા થઇ મને છાતીમાં દાબી લઇ, આંખમાં આનંદનાં અશ્રુસહિત પૂજ્યપાદ કૃપાળુશ્રીનો મેળાપ કરાવી આપવાની નમ્ર સ્વરથી માગણી કરી.

થોડો પરિચય થયો તેમાં તેની પ્રકૃતિનું જે સ્વરૂપ મેં જોયું તે ઉપરથી મેં અનુમાન કર્યું કે મહારાજશ્રીનો મેળાપ કરતી વખતે જરૂર ત્યાં પણ આ માણસ અવશ્ય તેનું અસલ સ્વરૂપ ધારણ કર્યા વગર રહેશે નહિ, જેથી મેં તેને સ્પષ્ટ શબ્દોમાં સૂચના કરી કે ત્યાં ગયા પછી મહાત્માશ્રીપાસે કોઇ પણ રીતે ઉદ્ધતાઇ કે અગડમ્ બગડમ્ બકવાદ ન કરવો. તેણે વચન આપ્યું કે, ''હું શંકાસમાધાન સિવાય બીજું કાંઇ પણ નહિ બોલું.''

તુરત જ તે એકલા ને હું પોતે હાટકેશ્વરને દેવળેથી મહાત્માશ્રીને આશ્રમે ગયા. અમે ત્યાં ગયા તે વખતે મહાત્માશ્રી બહાર ગયા હતા એટલે મોટો હોલ, જેમાં મહાત્માશ્રીને બિરાજવા માટે ગાદીતકિયાનું આસન રહેતું હતું તે ઉપર બેસવાની મેં તેને વિનતિ કરી. તે પ્રમાણે આસન ઉપર બેઠાં બેઠાં તેણે પોતાથી આ પ્રમાણે બોલવાનું શરૂ કર્યું : આ સ્થળ ઘણું જ પવિત્ર અને શાંતિપ્રદ લાગે છે. અવશ્ય અહીં રહેનાર પુરુષ સમર્થ હોવા જોઇએ. આટલું તે બોલે છે ત્યાં તો મહાત્માશ્રી ત્યાં આવી પહોંચ્યા, અને પોતાના સ્વભાવ પ્રમાણે તે પરમહંસને નમન કરી તેનું માન જાળવવા તેની સન્મુખ પોતાનું આસન લીધું; એટલે,–

તે સંન્યાસીએ પોતાની મૂળ ઢબમુજબ ચર્ચા કરવામાં વક્ર ગતિ ધારણ કરી. નરમાશ છોડી દઇ કાંઇક કડક અવાજથી બોલવા લાગ્યો. મહાત્માશ્રી પોતાની હમેશની ટેવમુજબ શાંતિથી ઉત્તર આપે જતા હતા. પરમહંસે મૂકેલા એક પ્રશ્નના ઉત્તરમાં મહાત્માશ્રીએ જણાવ્યું કે મારો અવ્યક્ત સંન્યાસ છે. આ સાંભળતાં જ તે પરમહંસની ડાગળી ચસ્કી. તે તુરત જ પોતાની પાસેનું પરમપદબોધિનીનું પુસ્તક કાઢી કહેવા લાગ્યો કે, 'ઇસ પુસ્તકમેં તુમને જો કુછ ક્રિયા ઔર અનુભવકી બાતેં લિખી હૈં, વે તુમકો સિદ્ધ હૈં? કિ તુમને દૂસરી પુસ્તકેં પઢકે ઉનકે સહારેસે તૈયાર કી હૈં? જો સભી ક્રિયાયેં તુમકો સિદ્ધ હૈં, તો હમકો કર દિખાઓ; અગર તુમ નહિ જાનતે તો હમારે પાસસે શીખ લો.' આ શબ્દો સાંભળતાં જ મહાત્માશ્રીનું શરીર કંપવા લાગ્યું, મુખારવિંદ સૂર્યનાં ઉગ્ર કિરણોની માફક પ્રકાશિત બન્યું, ચક્ષુમાંથી અગ્નિ ચમકવા લાગ્યો, અને જોતજોતામાં સંન્યાસીની સામે પોતાની દૃષ્ટિ સ્થિર કરી ગંભીર અવાજે તેને આજ્ઞા કરતાં હોય તેમ નીચે મુજબ પ્રશ્ન કર્યોઃ–

''તુમ સિદ્ધ હો યા સાધક? ઔર હમારે પાસ કિસ પ્રયોજનસે તુમ્હારા આના હૂઆ હૈ? ઇસ પ્રશ્નકા ઉત્તર જો સત્ય હો વહી નિકાલો. અગર જૂઠ કહોગે તો ઇસ બખ્ત નતીજા ઐસા હોગા કિ તુમ પછતાઓગે.''

આ શબ્દો સાંભળતાં સિંહગર્જનાથી જેમ ગાડરાંનાં ગાત્ર ગળી જાય તેવી તે પરમહંસની સ્થિતિ થઇ. તુરત જ કંપાયમાન શરીરે ગાદીએથી ઊતરી પડી મહાત્માશ્રીને ચરણે પડ્યો, ને સ્તુતિ કરવા લાગ્યો. વિશેષમાં તે આવા ભાવનું બોલ્યો કે, 'હું સાધક છું. મારે યોગ શીખવાની ઇચ્છા છે તેથી આપને શરણે આવ્યો છું. માત્ર પરીક્ષા કરવાના હેતુથી જ મેં આ મૂર્ખતા કરી છે, તો મને ક્ષમા કરો.'

અમે પાસે બેઠેલાઓએ પણ મહાત્માશ્રીનું આવું ભયંકર સ્વરૂપ પ્રથમ જ જોયું, એટલે ત્રાસમાં ભીંતનાં પૂતળાંજેવા ગતિરહિત બની ગયા હતા, છતાં જરા હિંમત આણીને મેં કૃપાળુશ્રીને આસ્તેથી જેમ મસ્ત હાથીને તેનો નોકર કાલાવાલા કરીને શાંત કરવા મથન કરે તેમ, અથવા પ્રહ્‌લાદે નૃસિંહસ્વરૂપે પ્રકટેલા પ્રભુને હિરણ્યકશિપુના વધ પછી તે અતિઉગ્રસ્વરૂપ શમાવવાને પ્રાર્થના કરી હતી તેમ ઘણા જ નરમ અને વિનીત સ્વરે ક્ષમા કરવા યાચના કરી.

એકાદ મિનિટ પછી મહાત્માશ્રીનું તે ઉગ્રસ્વરૂપ તિરોહિત થયું, અને પુનઃ અમૃતમય–પ્રેમદષ્ટિથી જોવા લાગ્યા. પણ જે સમય પસાર થયો તે એવો કટાકટીનો હતો કે જો તે અવધૂત સંન્યાસી તત્કાળ ચેત્યો ન હોત તો તે જ ક્ષણે શું પરિણામ આવત તેની કલ્પના પણ થઇ શકતી નથી.

ફરીથી શાંતિ સ્થપાયા પછી તે પરમહંસ, વિદ્વાન હોવાથી કૃપાળુશ્રીની સાથે ઘણા જ વિનીતભાવે શાસ્ત્રચર્ચા કરવા લાગ્યો; અને છેવટે યોગની કેટલીક ક્રિયાઓ શીખવવા માટે કૃપાળુશ્રીને તેણે વિનતિ કરી. પશ્ચાત્ કૃપાળુશ્રીએ તે વિનતિ સ્વીકારતાં તે રાતના બાર વાગે આનંદથી હાટકેશ્વરને દેવળે પોતાને ઊતારે ગયો.

બીજે દિવસે સવારના સાત વાગે પેલા વૃદ્ધ દંડી સંન્યાસી, તથા બ્રહ્મચારી અને ત્રીજા પરમહંસ સંન્યાસી એમ ત્રણે જણ કૃપાળુશ્રીને ઊતારે આવી લાગ્યા. વૃદ્ધ દંડીસ્વામી ઘણા જ નિર્માની અને ભોળા હોઇ જિજ્ઞાસુ સ્થિતિમાં હતા, અને બ્રહ્મચારી તો મારા જેવા નિરક્ષર હતા, છતાં તે બંને જણ કૃપાળુશ્રીના સમાગમથી બહુ જ ખુશી જણાતા હતા. પરમહંસને વેદની શ્રુતિઓ તથા કેટલુંક બીજું સાહિત્ય કંઠાગ્ર હોવાથી તે સંબંધમાં પોતાની શંકાઓનું સમાધાન કૃપાળુશ્રીને મુખેથી શ્રવણ કરીને તેઓ અતિ આશ્ચર્યસહિત આનંદ મેળવતા હતા.

વૃદ્ધસ્વામી ને બ્રહ્મચારી ત્રણચાર રોજ માંગરોળમાં રહીને વિહાર કરી ગયા, અને પરમહંસ યોગક્રિયાઓ શીખવા માટે રોકાયા. તેમણે ભિક્ષાનું તથા સૂવાબેસવાનું પણ મહાત્માશ્રીના આશ્રમમાં જ રાખ્યું હતું. આશરે પંદરથી વીશ દિવસમાં તેમણે યોગની કેટલીક ક્રિયાઓ શ્રદ્ધાપૂર્વક શીખી લીધી, પરંતુ મહાત્માશ્રીનું દરેક કાર્ય નિયમપૂર્વક ચાલતું હોવાથી–બ્રાહ્મમુહૂર્તમાં ચાર વાગે ઊઠવું, તથા ત્યાર પછી દરેક કાર્ય નિયમસર કરવું– તેમને આકરું પડ્યું; એટલે તેમણે મુંબઇ તરફ પ્રયાણ કરવા માટે મહાત્માશ્રીપાસે આજ્ઞા માગી; મહાત્માશ્રીએ તેમને આગબોટના નોરનો બંદોબસ્ત કરી દઇ, મુંબઇતરફ રવાના કરી દીધા. નોર અર્થાત્ ભાડું

(૩) "તુમ સિદ્ધ હો યા સાધક? ---

ઈસ પ્રશ્નકા ઉત્તર જો સત્ય હો વહી કહો. અગર જૂઠ કહોગે તો ઈસ બખ્ત નતીજા ઐસા હોગા કિ તુમ પછતાઓગે."

શ્રીવચનામૃતનું શ્રવણ-મનન

સિદ્ધ કોને કહેવાય? સાધક કોને કહેવાય? આ પ્રશ્નના સુયોગ્ય ઉત્તર માટે પૂજ્યપાદ શ્રીસદ્‌ગુરુદેવના નીચે જણાવેલા વચનામૃતોનું શ્રવણ-મનન કરવું જોઇએ.

આ મોહમયી મહીપર પૂર્વના પુણ્યવશાત્ જેને મનુષ્યજન્મની પ્રાપ્તિ થઇ છે તેનું સચ્છાસ્ત્રના અને સત્પુરુષોના વિચાર પ્રમાણે મુખ્ય કર્તવ્ય શું છે તે વિચારીએ.

પર્વતાદિથી વૃક્ષનો, વૃક્ષથી કીટનો, કીટથી પક્ષ્યાદિનો, પક્ષ્યાદિથી પશુનો ને પશુથી મનુષ્યનો જન્મ શ્રેષ્ઠ ગણાય છે, અને તેમાં પણ અનાયાસે સાત્ત્વિક સ્થિતિમાં રહી શકાય, તથા સ્વલ્પ પ્રયત્ને ધર્મકાર્ય સાધી શકાય એવા આ ભરતખંડમાં મનુષ્યનો જન્મ પ્રાપ્ત થવો એ અતિદુર્લભ મનાય છે.

અનુકૂલદેશમાં એવા દુર્લભ માનવજન્મને પામી, માણસે અવશ્ય પોતાના મુખ્ય કર્તવ્યને જાણી તેને સિદ્ધ કરવા યત્ન કરવો જોઈએ. માણસોની પ્રકૃતિસ્થિતિની ભિન્નતાને લીધે જનસમૂહમાં નાનાપ્રકારનાં કર્તવ્યો મનાય છે. તે બધાં કર્તવ્યોમાં પોતાનાં દુઃખોની નિવૃત્તિનો ને આનંદની પ્રાપ્તિનો હેતુ પ્રકટપણે કે અપ્રકટપણે રહેલો હોય છે. આ નિયમે જોતાં જે કર્તવ્યની સમાપ્તિએ સમગ્ર પ્રાપ્ત કરવાયોગ્યની પ્રાપ્તિ થઇ જતી હોય ને

સમગ્ર ત્યજવાયોગ્યનો ત્યાગ થઇ જતો હોય, અર્થાત્ જે વડે પરમાનંદની નિત્યપ્રાપ્તિ ને ત્રિવિધ તાપોની અત્યંત નિવૃત્તિ થઇ જતી હોય તે અને તેનાં અવાંતરસાધનો એ મુખ્ય કર્તવ્યરૂપે ગણવાં જોઇએ.

પુરુષ ચાર પ્રકારના છે. પામર, વિષયી, જિજ્ઞાસુ ને મુક્ત. તેમાં પામર તો પૂર્વના પાપમય સંસ્કારોને લીધે શાસ્ત્રના જ્ઞાનથી રહિત છે, તેથી ઉચિતાનુચિત વિષયભોગમાં નિમગ્ન રહે છે, વિષયીને થોડુંઘણું વ્યાવહારિક શાસ્ત્રજ્ઞાન હોય છે, પણ તે આ લોક પરલોકના વિષયો સંપાદન કરવામાં જ ઉદ્યમી છે, ને મુક્ત તો કૃતાર્થ છે, એટલે તેને કાંઇ પણ કરવું શેષ રહ્યું નથી તેથી પરિશેષથી જિજ્ઞાસુ જ પોતાનું વાસ્તવિક કર્તવ્ય શું છે તેનો વિચાર કરવાને યોગ્ય છે. [પુરુષ - મનુષ્ય. મુક્ત અર્થાત્ સિદ્ધ.]--- માનવ-કર્તવ્ય-અંક-૫

આ પૃથિવીપર ચાર પ્રકારના માણસો છે. **પામર**—પ્રાકૃત—શાસ્ત્ર-સંસ્કારશૂન્ય, વિષયી—કિંચિત્શાસ્ત્રજ્ઞ—ઉત્કર્ષેચ્છુ—પોતાનો અભ્યુદય ઇચ્છનાર, **જિજ્ઞાસુ**—મુમુક્ષુ મોક્ષસાધક અને **મુક્તસિદ્ધ**—બ્રહ્મવેત્તા.

તેમાં પામર મનુષ્યને લૌકિક કે શાસ્ત્રીય વિવેક પ્રાપ્ત કરવાની ઇચ્છા પ્રકટતી નથી. તે પોતાના સંસ્કારને વા સ્વભાવને વશ વર્તનાર હોય છે. તેણે શાસ્ત્રનું શ્રવણ કે વાચન કરેલું હોતું નથી, તેથી તે પોતાના હિતાહિતને તથા શુભાશુભને સમજી શકતો નથી, તેથી તે પાપકર્મનો પરિત્યાગ કરી પુણ્યકર્મમાં—શુભવિચારમાં ને શુભકર્મમાં—પ્રવૃત્તિ કરી શકતો નથી.

વિષયી—કિંચિત્શાસ્ત્રજ્ઞ વા ઉત્કર્ષેચ્છુ આ લોકનાં વિહિત સુખોમાં ને પરલોકનાં સુખોમાં પ્રીતિવાળો હોય છે, તેથી તે સર્વદા સકામશુભકર્મપરાયણ રહેવા ઇચ્છે છે. યથાશક્તિ સકામ-શુભકર્મપરાયણ રહે છે. તેનામાં ઉપયોગપૂરતો લૌકિક વિવેક હોય છે, પણ મોક્ષપ્રાપ્તિમાં ઉપયોગી થાય એવો વિવેક તેનામાં હોતો નથી, ને તે તેવો વિવેક પ્રાપ્ત કરવા રુચિને અભાવે પ્રયત્ન પણ કરતો નથી.

જિજ્ઞાસુ—ના મનમાં વિવેકનો પ્રાદુર્ભાવ થવાથી તે જિજ્ઞાસુ આ સંસારમાંના શબ્દાદિ પાંચ વિષયોથી ને તેના સાધનોથી પ્રાપ્ત થતાં સુખોને મિથ્યા કે ક્ષણભંગુર, તુચ્છ ને પરિતાપક વા બંધક સમજવા લાગે છે, અને કોઇ પવિત્ર ને સ્થાયી સુખ મેળવવા ઇચ્છે છે. આવું સુખ બ્રહ્મસ્વરૂપના સાક્ષાત્કારથી થાય છે એમ તેના જાણવામાં આવવાથી તે બ્રહ્મસ્વરૂપ જાણવા ઉદ્યોગી હોય છે. **મુમુક્ષુ**—મોક્ષેચ્છુ—પણ ન્યૂનાધિક વિવેકવાળો હોવાથી તે વિષયોમાં રહેલા અનેક દોષો જોઇ વિષયસુખથી સંતોષ પામતો નથી, પણ આધ્યાત્મિકાદિ ત્રણ પ્રકારના દુઃખોની ઐકાંતિક ને આત્યંતિક નિવૃત્તિરૂપ ને પરમાનંદની નિત્યપ્રાપ્તિરૂપ મોક્ષને પ્રાપ્ત કરવા ઇચ્છે છે. એ મોક્ષને તે ઇચ્છે છે તેથી તે મુમુક્ષુ કહેવાય છે. એ મોક્ષ આત્મજ્ઞાનથી કે બ્રહ્મજ્ઞાનથી થાય છે, તેથી તે આત્મસ્વરૂપને વા બ્રહ્મસ્વરૂપને જાણવા વેદાંતશાસ્ત્રનું શ્રવણાદિ કરવા આદરપૂર્વક પ્રયત્ન કરે છે. **મોક્ષસાધક** મોક્ષની પ્રાપ્તિ કરવા માટે વિવેકાદિ ચાર સાધનોનું ને વેદાંતશ્રવણાદિ ત્રણ સાધનોનું પરમાદરથી સેવન કર્યા કરે છે. જિજ્ઞાસુ, મુમુક્ષુ ને મોક્ષસાધક ઉત્તરોત્તર વિવેકાદિ ચાર સાધનોનો ને વેદાંતશ્રવણાદિ ત્રણ સાધનોનો પરિપાક કરી બ્રહ્મસાક્ષાત્કારરૂપ સત્ત્વાપત્તિનામની જ્ઞાનની ચોથી ભૂમિકાને પ્રાપ્ત થઇ કૃતાર્થ થાય છે.

મુક્તસિદ્ધ—બ્રહ્મવેત્તા કૃતાર્થ હોવાથી તેમને કાંઇ પણ કર્તવ્ય નથી.

સુખેચ્છુ મનુષ્યે મનથી, ઇંદ્રિયોથી, શરીરથી ને પોતાની બાહ્યસામગ્રીથી સર્વદા શુભકર્મરૂપ પુણ્યકર્મમાં પ્રવૃત્ત રહેવું, ને સર્વ પ્રકારના પાપકર્મથી ઘણામાં ઘણું ઉપરામ પામવું. પુણ્યકર્મવડે મનુષ્યના અંતઃકરણની શુદ્ધિમાં વધારો થતો જાય છે. અંતઃકરણની શુદ્ધિમાં વધારો થવાથી મનુષ્યને સત્સંગમાં, સારાં સારાં પુસ્તકોનું શ્રવણ તથા વાચન કરવામાં, નિષ્કામબુદ્ધિથી સારાં સારાં કર્મો કરવામાં અભિરુચિ પ્રકટે છે, ને તેથી તે ઉત્સાહપૂર્વક સારાં

સારાં કર્મો કરવા લાગે છે. તેને સમજાય છે કે પરમાત્માની, ગુરુની ને શાસ્ત્રની આજ્ઞાને પ્રીતિપૂર્વક માનવારૂપ તેમની શુદ્ધભાવથી સેવા કરવારૂપ ભક્તિથી જ મનુષ્ય પોતાનું કલ્યાણ સાધી શકે છે. આત્મજ્ઞાન વા બ્રહ્મજ્ઞાન માત્ર સમર્થ સદ્ગુરુના અનુગ્રહથી જ પ્રાપ્ત થાય છે, માટે મારે હવે અંતઃકરણને વિશેષ શુદ્ધ કરી. વિવેકાદિ સાધન પ્રાપ્ત કરી, શ્રોત્રિય, બ્રહ્મનિષ્ઠ ને પરમકરુણાલુ સદ્ગુરુનું શરણ ગ્રહણ કરી બ્રહ્મસાક્ષાત્કાર કરવા ઘણામાં ઘણો પ્રયત્ન કરવો જોઇએ. આવા નિશ્ચયને અનુસરી તે ઉપર કહેલી રીતે પ્રયત્ન કરે છે, ને તે જ્ઞાનની ચોથી ભૂમિકાને પ્રાપ્ત કરે છે.---શ્રીવિવેકભાસ્કર દ્વિતીય રશ્મિ

સિદ્ધાંજનવાળા કો દેશી, પ્રતીત થતાં આ વનમોઝાર,
સૂક્ષ્મમતિના પરમ કારુણિક, જ્ઞાતા શ્રોત્રિય ને ઉદાર ;

સિદ્ધાંજનવાળા :-- નામ, રૂપ ને ક્રિયાનો બાધ–મિથ્યાપણાનો દૃઢ નિશ્ચય કરી બ્રહ્મરૂપ મહાનિધિને દેખાડનારા અંજનવાળા–પારમેશ્વરી શક્તિવાળા.

દેશી :-- દેશી સ્વદેશી–સચ્ચિદાનંદૈકરસ બ્રહ્મમાં અભેદભાવે રહેનારા.

જ્ઞાતા :-- બ્રહ્મનિષ્ઠ–બ્રહ્મના સાક્ષાત્-કારવાળા.

શ્રોત્રિય :-- ઉપનિષદાદિ સત્શાસ્ત્રને તથા સુયુક્તિઓને જાણનારા.

ઉદાર :-- મુમુક્ષુજનોને પોતાના જેવા કરવામાં જેમને લેશ પણ સંકોચ નથી એવાં.

મલિન ચિત્તવાળા માણસને, સિદ્ધ કહેવા લાગ્યા આમ,
"સુજનો! ચિત્ત સુધારો પ્રીતે, કરીને શુભ કર્મો નિષ્કામ;

સિદ્ધ :-- જ્ઞાતવ્યને જાણીને તથા પ્રાપ્તવ્યને પ્રાપ્ત કરીને કૃતાર્થ થયેલા પુરુષ—શ્રોત્રિય ને બ્રહ્મનિષ્ઠ પુરુષ. સચ્ચિદાનંદ અખંડ એકરસ બ્રહ્મતત્વનો ત્રણ કાલમાં બાધ થતો નથી, માટે બ્રહ્મતત્વ સિદ્ધ કહેવાય છે. બ્રહ્મતત્વના સાક્ષાત્-કારવાળા પુરૂષને સિદ્ધ કહેવાય છે.--સ્વદેશયાત્રા- અંક-૩૬

સત્ ચિત્ આનંદ બ્રહ્મ જવ, નિરાવરણ દરશાય;
વૃત્તિ પ્રકાશિત રે' સદા, તવ તું **સિદ્ધ** ગણાય. ૮૨

સિદ્ધ : — સિદ્ધ અર્થાત મુક્ત. મુક્ત તો કૃતાર્થ છે, તેને કાંઇ પણ કર્તવ્ય કરવું શેષ રહેલું નથી. પોતાની બુદ્ધિને અત્યંત નિર્મલ કરવાથી બ્રહ્મજ્ઞાનદ્વારા જીવ કૃતાર્થ થાય છે,–તેના કર્તવ્યનો છેડો આવે છે, એટલે તેનું જન્મમરણ નિવૃત્ત થાય છે, તેનાં ત્રણ પ્રકારનાં દુઃખોની અત્યંત નિવૃત્તિ થાય છે, ને તે પરમાનંદરૂપ થાય છે. જીવને જે મેળવવાનું છે, તે સર્વ એ સ્થિતિએ તેને પ્રાપ્ત થઇ જાય છે, ને તેને જે જાણવાનું છે તે સર્વ તેના જાણવામાં આવી જાય છે. બ્રહ્મજ્ઞાનદ્વારા કૃતાર્થ થયેલા જીવને બ્રહ્મવિદ્–બ્રહ્મવેત્તા–મહાબ્રાહ્મણ–ભગવદ્ભક્ત–ગુણાતીત-અતિવર્ણાશ્રમી–જીવન્મુક્ત–સિદ્ધ–વગેરે નામોવડે શાસ્ત્રોમાં કહેવાય છે.

બ્રહ્મવેત્તા પૂજનીય છે, ધ્યેય છે, ને જ્ઞેય છે.--

બ્રહ્મવિચાર-બ્રહ્મભાવનારુપ નિદિધ્યાસનનો સંપૂર્ણ પરિપાક થવાથી અભ્યાસીના અંતઃકરણને સર્વત્ર—પોતાના શરીરની અંતર અને બહાર—એકરસ અખંડ સચ્ચિદાનંદઘન બ્રહ્મનું નિરાવરણ સ્પષ્ટ ભાન થાય તે બ્રહ્મસાક્ષાત્કાર કહેવાય છે. આ વેલા પોતાના સ્થૂલાદિ ત્રણે શરીરો અને સ્વશરીરથી ભિન્ન બહારના સર્વ પદાર્થો કોઇ સુશાંત ને પરમરમણીય અચલ પ્રકાશમાં વિલીન થઇ ગયેલાં અનુભવાય છે. અનુભવ કરનારી અંતઃકરણની વૃત્તિ પણ તે મહાપ્રકાશમાં વિલીન થઇ જાય છે. તે મહાપ્રકાશની સ્ફૂર્તિવિના અન્ય કોઇનું તે વેલા અસ્તિત્વ હોતું નથી. પ્રબલ

પ્રારબ્ધના ઉદયથી જ્યારે બ્રહ્મવેત્તાના અંતઃકરણની વૃત્તિ બહિર્મુખ થાય છે ત્યારે પણ તે વૃત્તિમાં ઓતપ્રોત થઇ ગયેલા બ્રહ્મનું શરીરની અંતર ને બહાર ક્યારેક ઝાંખું ને ક્યારેક વધારે સ્પષ્ટ દર્શન તે વૃત્તિને રહે છે.

આવા બ્રહ્મવેત્તા પોતાના અંતઃકરણના નિરોધકાલે આનંદના મહાસાગરરૂપ બ્રહ્મમાં અભેદભાવે ભળી ગયેલા હોય છે, ને ફલભોગ આપનારા પ્રારબ્ધના વેગથી જ્યારે તેમનું અંતઃકરણ વ્યુત્થાન પામ્યું હોય ત્યારે પોતાને આનંદના મહાસાગરરૂપ બ્રહ્મના પરપોટારૂપે કે તરંગરૂપે અનુભવે છે. તેવે સમયે તેમના અંતઃકરણની વૃત્તિને શરીર ને જગત્ મિથ્યાપણાના નિશ્ચયપૂર્વક પ્રતીત થાય છે. તેમનું ચિત્ત પરમશાંત, પરમસુખી ને પરમતૃપ્ત હોય છે. તેમને આ લોક માટે, પરલોક માટે કે મોક્ષ માટે હવે કાંઇ કર્તવ્ય બાકી રહ્યું હોય એમ જણાતું નથી. તેઓ સર્વદા જ્ઞાનામૃતથી પરિતૃપ્ત રહે છે. તેમને કાંઇ પણ કર્તવ્યનો આભાસ પ્રતીત થતો હોય તો તે માત્ર એટલો જ પ્રતીત થાય છે કે કોઇ પણ પ્રકારના અભિમાન કે સ્વાર્થવિના જે જ્ઞાનામૃતનું પાન કરી પોતે પરિતૃપ્ત થયા છે તે જ્ઞાનામૃતનું પાન કરાવી દુઃખના પોકારો કરતાં અજ્ઞાની જીવોને પરમાનંદરૂપ કરવા.

અંતઃકરણની નિર્મલતાના, એકાગ્રતાના ને જ્ઞાનના પ્રાસાદપર સર્વદા નિર્ભયપણે પરમાનંદરૂપે વિરાજતા તે મહાત્મા આ જગત્માં સર્વદા ધન્યવાદને પાત્ર છે. પૂજનીય છે, ધ્યેય છે, ને જ્ઞેય છે.-- મહામંત્રમાલિકા

પૂજ્યપાદ શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ પરમકારુણિક સદ્ગુરુશ્રી શ્રીમન્ નથુરામશર્મા આચાર્યજીએ સનાતનવૈદિકમાર્ગના પ્રવર્તન-પુનરુદ્ધાર માટે અનેક વિવિધ શાસ્ત્રીય ઉપાયોની યોજના કરેલી છે. સનાતનધર્મનું સ્વરુપ સકારણ સ્મજાવવા માટે "શ્રીઉપદેશગ્રંથાવલિ" ની યોજના કરેલી છે. આ "શ્રીઉપદેશગ્રંથાવલિ" અને અન્ય સદ્ગ્રંથોમાં **બ્રહ્મવેત્તા–સિદ્ધ–નું સ્વરુપ, બ્રહ્મવેત્તાના ગુણો, બ્રહ્મવેત્તાનો મહિમા, બ્રહ્મવેત્તાનો અનુભવ, બ્રહ્મવેત્તાનો નિવાસ, બ્રહ્મજ્ઞાન અને બ્રહ્માનંદની પરમસત્યતા તથા પરમ મહત્તા** અને બ્રહ્મવેત્તા થવામાં રોધક દોષો વિષે જિજ્ઞાસુઓને પરમોપયોગી એવી અનેક બાબતોનું બહુ સ્પષ્ટ નિરૂપણ કરવામાં આવેલું છે. બ્રહ્મવેત્તા– અંક-૪૮, બ્રહ્મદૃષ્ટિને પ્રાપ્ત થયેલા મહાપુરુષના ઉદ્ગારો– અંક-૩૮, મહાવાક્યવિચાર–અંક-૩૭, જ્ઞાનમહિમા–અંક-૪૨, અનેક કાવ્યમય પ્રકરણરુપ અંકોમાં, જીવવર્માની બે પ્રકારની સ્થિતિ–અંક-૫૫, આત્મદેવને પુનઃ સ્વારાજ્યપ્રાપ્તિ–અંક-૫૬, વિવેકીએ કેવી રીતે જીવવું–અંક-૫૭, શ્રીઉપદેશગ્રંથાવલિ– ૫૯ થી ૭૩, શ્રીવિવેકભાસ્કર પ્રથમ અને દ્વિતિય રશ્મિ વેગેરે અનેક સદગ્રંથોમાં જણાવેલું છે.

(૪) હમારે પાસ કિસ પ્રયોજનસે તુમ્હારા આના હૂઆ હૈ?-- શ્રીવચનામૃતનું શ્રવણ-મનન

જો તું સિદ્ધ છે તો આ પ્રકારના પ્રશ્નનું કોઇ પ્રયોજન નથી. જો તું સાધક છે તો તારે કેવા પ્રશ્ન પૂછવા જોઇએ તેનો સુયોગ્ય વિવેક હોવો જોઇએ.

સત્પુરુષોને કેવા પ્રશ્ન પૂછવા જોઈએ?--- પર્ણ ૨૬ મું--શ્રીસુબોધકલ્પલતા

વક્તાપ્રતિ પૂછવામાં આવતા પ્રશ્નના ચાર પ્રકાર છે, પોતાને અમુક વિષય આવડે છે એમ વક્તાને તથા શ્રોતાઓને જણાવવા માટે પૂછવામાં આવતો પ્રશ્ન, પોતાને ઉત્તર જ્ઞાત છતાં માત્ર વક્તાને અમુક પ્રશ્નનું ઉત્તર આવડે છે કે નહિ એમ તેના જ્ઞાનની પરીક્ષા માટે પૂછવામાં આવતો પ્રશ્ન, વક્તાનો પરાજય કરી તેના માનનો ભંગ કરવા માટે પૂછવામાં આવતો પ્રશ્ન, અને શાસ્ત્રના અવલોકનથી પોતાના વિચારથી અને અન્યને પૃચ્છા

કરવાથી નિર્ણય નહિ થયેલા વિષયસંબંધી વા કોઇ વિષયનો યથાર્થ નિર્ણય શો હશે તે જાણવા માટે પૂછવામાં આવતો પ્રશ્ન. તેમાં પ્રથમના ત્રણ પ્રકારના પ્રશ્ન વિવેકીએ વક્તાપ્રતિ પૂછવાયોગ્ય નથી, કેમ કે તે પ્રશ્નો અધર્મરૂપ છે. એવી પ્રવૃત્તિ કરવામાં ચિત્તના પાપસંસ્કારો હેતુભૂત છે, અને એવી પ્રવૃત્તિ કરવાથી તે પાપસંસ્કારો પ્રબળ થાય છે, ને જો વિવેકથી એવી પ્રવૃત્તિ રોકવામાં આવે તો તે પાપસંસ્કારો ક્રમથી ક્ષીણબળવાળા થઇ જાય છે. ચોથા પ્રકારનો પ્રશ્ન પણ પોતાને સાક્ષાત્ વા પરંપરાવડે ઉપકારક હોય તો કરવો, નિરર્થક કાળક્ષેપ કરવાકરાવવા ન કરવો. મનુષ્યજીવન ક્ષણભંગુર છે, તેની એક પણ ક્ષણ નિરર્થક વ્યતીત થવા દેવી તે ડહાપણભરેલું નથી. ત્રિવિધતાપથી અજ્ઞજનો નિરંતર દાહ પામ્યા કરે છે, તે તાપોની આત્યંતિકનિવૃત્તિ કેમ થઇ શકે? તે જ પ્રશ્ન આ વિશ્વમાં વિવેકીએ સત્પુરુષોપાસે કરવાનોછે, અને તે પ્રશ્નને લગતા બીજા જેટલા અગત્યના પ્રશ્નો ઉદ્ભવે તેટલા અવાંતરપ્રશ્નરૂપે નિવેદન કરવાનાછે, આથી ભિન્ન બીજા જેટલા પ્રશ્નો હોય તે ઉત્તમ જિજ્ઞાસુ માટે ઉપયોગી નથી.---

બ્રહ્મવેત્તા પુરુષો એ જંગમતીર્થ છે.--- પર્ણ ૪ થું----શ્રીસુબોધકલ્પલતા

પોતાના સંસર્ગમાં આવનારને જે પોતાના સાત્ત્વિકપ્રભાવવડે સંસારસાગરથી તારે છે, અર્થાત્ પવિત્ર કરે છે, તે **તી**ર્થ કહેવાય છે. તીર્થ બે પ્રકારનાં છે, સ્થાવર અને જંગમ, પવિત્ર નદીઓ, પવિત્ર અરણ્યો, પવિત્ર સરોવરો, પવિત્ર નગરો, દેવાલયો ને પવિત્ર પહાડો એ **સ્થા**વરતીર્થ છે; અને **બ્રહ્મવેત્તા પુરુષો** એ **જં**ગમતીર્થ છે. સ્થાવરતીર્થ પણ બે જાતનાં છે, એક સ્વાભાવિક ને બીજાં નૈમિત્તિક. **ગં**ગા આદિ સ્વાભાવિક તીર્થ છે કેમ કે તે સૃષ્ટિની સાથે જ લોકહિત માટે નિર્માણ થયેલાં છે, ને **અ**યોધ્યા અને **દ્વા**રકા આદિ અનુક્રમે **શ્રીરા**મચંદ્રજીનો અવતાર થવાથી તથા **શ્રીકૃ**ષ્ણ આદિનો નિવાસ થવાથી નૈમિત્તિક તીર્થરૂપે ગણાયાં છે.

સ્થાવરતીર્થસ્થળનાં જલ, ભૂમિ તથા વાતાવરણ પવિત્ર હોવાથી શ્રદ્ધાવાન મનુષ્યના દેહ તથા મનને શુદ્ધ કરે છે, તોપણ મેળાના સમયમાં સ્થાવરતીર્થમાં જવાથી જોઇએ તેવો લાભ થતો નથી, કેમ કે તે સમયમાં ઘણા પ્રાકૃત મનુષ્યોના નિવાસને લીધે ત્યાંનાં જળ, ભૂમિ તથા વાતાવરણ અસાધારણ ઉપકાર કરે એવી સ્થિતિમાં રહેતાં નથી, તેથી તેવા સમયમાં ત્યાં જનાર સાધકને જોઇએ તેવો લાભ થતો નથી, એટલું જ નહિ, પણ ક્વચિત્ વૃત્તિ વધારે વિક્ષેપવાળી થવાનો સંભવ રહે છે.

જંગમતીર્થરૂપ બ્રહ્મવેત્તા પુરુષો તો દર્શનમાત્રથી જ શ્રદ્ધાળુ મનુષ્યોને પવિત્ર કરે છે, અને સ્થાવરતીર્થો તે શ્રદ્ધાળુ માણસોને ચિરકાલે પવિત્ર કરે છે. ‘‘**दर्शनादेव साधवः**’’ (સાધુપુરુષો દર્શનથી જ પવિત્ર કરે છે.) એ વચન પણ એમ જ કહે છે, માટે વિવેકીએ પૂર્ણ શ્રદ્ધાથી જંગમતીર્થનું સેવન કરવું જોઇએ.

ભક્તતારિણી ભગવતી ગંગાને કોઇએ પૂછ્યું કે, ‘‘તમે તમારામાં માત્ર સ્નાન કરવાથી શ્રદ્ધાલુ પ્રાણીઓનાં પાપોનું હરણ કરો છો, ત્યારે તેવાં અસંખ્ય પ્રાણીઓના સ્નાનથી તમારા પોતાનામાં ઘણું પાપ એકઠું થવું જોઇએ, તેના નાશને માટે તમે શું ઉપાય કરો છો?’’ શ્રીમતી **ભા**ગીરથીએ કહ્યું કે, ‘‘મારે તેની નિવૃત્તિ માટે કાંઇ ઉપાય કરવો પડતો નથી. નિર્મલ, શાંત, સર્વ પ્રકારની તૃષ્ણાઓથી રહિત, સર્વ જગત્ને આત્મવત્ જાણનારા, બ્રહ્મરૂપ અને પરમકૃપાલુ ઋષિ મુનિઓનાં ચરણારવિંદનો સ્પર્શ મને સમયે સમયે થવાથી મારામાં આવેલા પાપસમૂહનો અનાયાસે નાશ થઇ જાય છે.’’ ઘણાં સ્થાવરતીર્થોનો મહિમા પણ પવિત્ર મહાત્માઓના સંસર્ગને લીધે જ છે, માત્ર જલ કે પાષાણમાં સાક્ષાત્ અસાધારણ પ્રભાવ નથી.

ભગવાને પણ શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં તથા શ્રીમદ્‌ભાગવતમાં સંતનું માહાત્મ્ય સારી રીતે વર્ણવ્યું છે.

તીર્થસ્થલમાં જવાનો સર્વોત્કૃષ્ટ હેતુ એ છે કે ત્યાં દૈવીસંપત્તિવાળા મહાત્માઓનાં દર્શન તથા સત્સંગ થાય. તીર્થયાત્રા કરનારાઓ જો તે હેતુભણી લક્ષ ન રાખે તો તેમની યાત્રામાં તેટલી ન્યૂનતા જ ગણાય.

પોતાને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કરનાર આચાર્ય, માતા, પિતા ને સદાચરણ એ પણ તીર્થરૂપ જ છે, માટે તેમના સેવનથી પણ પરિણામે કૃતાર્થ થવાય છે.

લૌકિક કીર્તિ માટે કિંવા દેશાટન માટે જે તીર્થયાત્રા કરવામાં આવે છે તે શાસ્ત્રપક્ષે કથનમાત્ર તીર્થયાત્રા જાણવી, અને તેનું ફલ પણ લૌકિક જ જાણવું.

न ह्य् अम्मयानि तीर्थानि न देवा मृच्छिलामयाः ।

ते पुनन्त्य् उरुकालेन दर्शनाद् एव साधवः ॥ ३१ ॥ ભાગવત-૧૦-૪૮-૩૧

भावार्थ -- केवल जलमय तीर्थ ही तीर्थ नहीं कहलाते है, और केवल मिट्टी और पत्थरकी प्रतिमायें ही देवता नहीं होतीं हैं ,वास्तव में संत पुरुष ही तीर्थ और देवता हैं , क्योंकि जलमय तीर्थों व देवस्वरूप प्रतिमाओंका बहुत समय तक सेवन पूजन किया जावे तव कहीं पवित्र करते हैं , परन्तु संतपुरुष तो दर्शन करने मात्र से ही पवित्र कर देते हैं।

અતિપ્રશ્નોનું સ્વરૂપ -- પર્ણ ૩૫ મું------શ્રીસુબોધકલ્પલતા

જે પ્રશ્નો પૂછવાથી શાસ્ત્રની મર્યાદાનું ઉલ્લંઘન થાય તેવા પ્રશ્નો અતિપ્રશ્નો કહેવાય છે. જે પ્રશ્નનું સર્વ જનોને સંપૂર્ણ રીતે સંતોષ થાય એવું ઉત્તર દઇ શકાતું નથી, તથા જેનું ઉત્તર સાંભળવાથી પોતાને પોતાના કર્તવ્યમાં કાંઇ ઉપકાર થતો નથી, તે પ્રશ્નો પણ અતિપ્રશ્નોમાં ગણવાયોગ્ય છે. પરમેશ્વરે જગત્ શા માટે ઉત્પન્ન કર્યું હશે? જીવ પહેલાં થયાં હશે કે કર્મ પહેલાં થયાં હશે? સૃષ્ટિમાંથી થોડા થોડા મનુષ્યનો જો મોક્ષ થતો જશે તો કાળે કરીને સર્વ મનુષ્યોનો મોક્ષ થઇ જશે તો પછી સૃષ્ટિ રચનાર ઈશ્વર શું કરશે? પ્રારબ્ધ પ્રબલ છે કે પુરુષાર્થ પ્રબલ છે? આવા આવા પ્રશ્નોમાં સાધારણ જીવોએ કાલક્ષેપ નહિ કરતાં પ્રથમ પોતાની બુદ્ધિના દોષો દૂર કરવા માટે યત્ન સેવવો ને તેના સંબંધમાં જ પ્રશ્નો પૂછવા એ વધારે ઉચિત છે. પૂર્વોક્ત પ્રશ્નોનાં તથા તેના જેવા અન્ય પ્રશ્નોનાં જે કાંઇ વાસ્તવિક ઉત્તર હશે તે બુદ્ધિની નિર્મલતા થયા પછી સહેજે જ જાણવામાં આવશે, માટે જ્યારે કોઇ પણ **સત્પુરુષના દર્શનનો અલભ્ય લાભ** કોઇ પણ મનુષ્યને પોતાના **પુણ્યકર્મના ઉદયથી** મળે ત્યારે તેણે નકામા પ્રશ્નોથી ઉપરામ પામી જે પ્રશ્નોનાં ઉત્તર જાણવાથી પોતાને વાસ્તવિક લાભ થાય એમ હોય તેવા પ્રશ્નો જ પૂછવા જોઇએ, નહિ તો માત્ર શ્રદ્ધાપૂર્વક તેમના દર્શનવડે ચિત્તમાં જે સારા સંસ્કાર પડે તેથી જ સંતોષ માનવો જોઇએ.

(૫) બ્રહ્મવેત્તા પોતાની દૃષ્ટિનો વિષયભૂત થનારાં સર્વ પ્રાણીઓને પવિત્ર કરે છે--

પ્રાપ્તવ્ય વસ્તુનું માહાત્મ્ય જાણવાથી તથા પ્રાપ્તવ્યને પામેલાની પ્રશંસા સાંભળવાથી તે વસ્તુની પ્રાપ્તિનાં વાસ્તવિક સાધનોનું નિરૂપણ કરનારાં વચનોમાં શ્રદ્ધા ઉત્પન્ન થાય છે, માટે જેઓ પોતાના ચિત્તમાં સુદૃઢ શ્રદ્ધા ઉત્પન્ન કરવા ઇચ્છા રાખતા હોય તેમણે પ્રાપ્તવ્ય વસ્તુની પ્રાપ્તિના સાધનોનું તથા પ્રાપ્તવ્યને પામેલાના માહાત્મ્યનું યુક્તિપૂર્વક નિરૂપણ કરનારાં સત્શાસ્ત્રોનું યોગ્ય પુરુષદ્વારા સાવધાનતાપૂર્વક શ્રવણ કરવું જોઇએ, વા વિચારપૂર્વક વાચન કરવું જોઇએ.

પરમ સુભાગ્યનો ઉદય થવાથી પ્રાપ્તવ્યની જેમણે પ્રાપ્તિ કરી છે એવા મહાપુરુષનો જો અનુકૂલ બુદ્ધિથી સમાગમ થઇ શકે એમ હોય તો તે અવશ્ય કરવો જોઇએ. મુમુક્ષુને પ્રાપ્ત કરવાયોગ્ય યોગ ને જ્ઞાનનું માહાત્મ્ય યોગી ને જ્ઞાનીના માહાત્મ્યના કથનદ્વારા નીચેનાં વચનો જણાવે છેઃ— શ્રીઉપદેશગ્રંથાવલિ-અંક ૧૧-૨૫ અંક-૨૩ સાત્ત્વિકી શ્રદ્ધા

''यस्यानुभवपर्यन्ता तत्त्वे बुद्धिः प्रवर्तते ।

तद्दृष्टिगोचराः सर्वे मुच्यन्ते सर्वपातकैः ॥'' સૂતસંહિતા-સમાધિપ્રકરણ-૪૪

અર્થઃ—જેની બુદ્ધિ તત્ત્વમાં અનુભવસુધી પ્રવર્તે છે તેની દૃષ્ટિના સંબંધમાં આવેલાં સર્વે મનુષ્યો સર્વ પાપોથી મોકળા થાય છે.

જેમના અંતઃકરણની વૃત્તિ બ્રહ્મનો અનુભવ કરનારી થઇ છે તેવા બ્રહ્મવેત્તા પોતાની દૃષ્ટિનો વિષયભૂત થનારાં સર્વ પ્રાણીઓને તેમના અંતઃકરણની પોતાના ભણી જેટલી અનુકૂલબુદ્ધિ હોય તે અનુકૂલબુદ્ધિના પ્રમાણમાં પવિત્ર કરે છે, અને તેમના અંતઃકરણનો પોતાના ભણી જેટલો અનુકૂલભાવ હોય તે અનુકૂલભાવના પ્રમાણમાં તેમના આત્મરૂપ હોવાથી તેઓ તેમને આનંદનો અનુભવ કરાવે છે.

''स्नातं तेन समस्ततीर्थसलिले सर्वापि दत्तावनि-

र्यज्ञानां च सहस्त्रमिष्टमखिला देवाश्च सम्पूजिताः ।

संसाराच्च समुद्धृताः स्वपितरस्त्रैलोक्यपूज्योऽप्यसौ,

यस्य ब्रह्मविचारणे क्षणमपि स्थैर्यं मनः प्राप्नुयात् ॥'' -- લઘુયોગવાસિષ્ઠ- ૧૭-૩૪

જેનું મન બ્રહ્મવિચારમાં ક્ષણ પણ સ્થિરતા પામે છે તેણે સર્વ તીર્થના જલમાં સ્નાન કર્યું, સર્વ ભૂમિનું દાન કર્યું, હજારો યજ્ઞો કર્યા, સર્વ દેવોને સારી રીતે પૂજ્યા, ને પોતાના પિતૃઓનો આ સંસારમાંથી સારી રીતે ઉદ્ધાર કર્યો, તથા આ પુરુષ ત્રણ લોકને પૂજ્ય છે.

જેમનું અંતઃકરણ પરમપવિત્ર બ્રહ્મમાં નિવાસ કરવાના સામર્થ્યવાળું થયું છે એવા મહાપુણ્યશાલી ને સમગ્ર જગત્‌ને વંદનીય બ્રહ્મવેત્તા કૃતાર્થ હોવાથી તેમણે પૃથિવી ઉપરનાં સર્વે તીર્થોના જલોમાં સ્નાન કર્યું, ધનધાન્યવાળી સમગ્ર પૃથિવીનું સુપાત્ર બ્રાહ્મણને દાન આપ્યું, શાસ્ત્રોમાં કહેલા સર્વ નિર્દોષ યજ્ઞો કર્યા, આ વિશ્વમાંના સર્વે દેવોનું પૂજન કર્યું, અને પોતાના સર્વ પિતૃઓને સંતોષ આપ્યો એમ વિવેકીઓ માને છે.

''कुलं पवित्रं जननी कृतार्था विश्वम्भरा पुण्यवती च तेन ।

अपारसंवित्सुखसागरेऽस्मिंल्लीनं परे ब्रह्मणि यस्य चेतः ॥'' --સ્કંધપુરાણ

જેનું ચિત્ત અપાર જ્ઞાન ને આનંદના સાગરરૂપ આ પરબ્રહ્મમાં લીન થયું છે તેનું કુલ પવિત્ર છે, માતા કૃતકૃત્ય છે, અને તેનાથી પૃથ્વી પુણ્યવાળી છે.

જેમનું ચિત્ત પરમસુખના ને પરમજ્ઞાનના મહાસાગરરૂપ પરબ્રહ્મમાં લીન થયું છે એવા બ્રહ્મવેત્તા પોતાના લૌકિક કુલને પવિત્ર કરનારા, પોતાના સ્થૂલશરીરનાં માતપિતાને પોતાની અદ્‌ભુતસ્થિતિવડે પરમસંતોષ ઉપજાવનારા અને પોતાના નિવાસવડે ને ભ્રમણવડે આ પૃથિવીને પવિત્ર કરનારા છે.

વળી **શ્રીઅ**મનસ્કખંડમાં પણ **શ્રીમ**હાદેવજીએ **વા**મદેવપ્રતિ નીચેના શ્લોકોવડે યોગીની શ્રેષ્ઠતા નિરૂપણ કરી છેઃ—

''दर्शनादर्चनादस्य त्रिसप्तकुलसंयुताः ।
अज्ञा मुक्तिपदं यान्ति किं पुनस्तत्परायणः ॥''
''अन्तर्योगं बहिर्योगं यो विजानाति तत्त्वतः ।
त्वया मयाऽप्यसौ वन्द्यः शेषैर्वन्द्यस्तु किं पुनः ॥''

અર્થઃ—હે **વા**મદેવ! શ્રદ્ધાપૂર્વક તે યોગીનાં દર્શન અને પૂજન કરનારા અજ્ઞાની પણ અંતઃકરણની શુદ્ધિદ્વારા એકવીશ કુલસહિત મોક્ષપદને પ્રાપ્ત થાય છે તો જે પુરુષ સર્વદા જ યોગાભ્યાસમાં તત્પર રહે છે તેની તો શી વાત કરવી? જે પુરુષ રાજયોગને તથા હઠયોગને યથાર્થ રીતે અનુભવપુરઃસર જાણે છે તે તમારે અને મારે પણ વંદન કરવાયોગ્ય છે તો બીજાઓએ વંદન કરવાયોગ્ય હોય તેમાં શું કહેવું?

યોગીઓ યોગાભ્યાસના પરિપાકવડે ઈશ્વરભાવને પામે છે તેથી જ તેમનું પૂર્વોક્ત માહાત્મ્ય શાસ્ત્રોમાં વર્ણવેલું પ્રતીત થાય છે.--- શ્રીયોગકૌસ્તુભ -શ્રી ઉપદેશગ્રંથાવલિ-અંક ૩૬-૫૮ અંક-૪૮-બ્રહ્મવેત્તા

વૈષ્ણવજન તો તેને રે કહીયે, જે પીડ પરાઈ જાણે રે.
પરદુઃખે ઉપકાર કરે તોયે, મન અભિમાન ન આણે રે.
સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે.
વાચ કાછ મન નિશ્ચલ રાખે, **ધન ધન જનની તેની રે.**
સમદ્રષ્ટિને તૃષ્ણા ત્યાગી, પરસ્ત્રી જેને માત રે.
જિહ્વા થકી અસત્ય ન બોલે, પરધન નવ ઝાલે હાથ રે.
મોહ માયા વ્યાપે નહિ જેને, દ્રઢ વૈરાગ્ય જેના મનમાં રે.
રામ નામ શું તાળી રે વાગી, **સકળ તિરથ તેના તનમાં રે.**
વણલોભી ને કપટ રહિત છે, કામ ક્રોધ નિવાર્યા રે.
ભણે નરસૈયો તેનું દર્શન કરતા, કુળ ઈકોતેર તાર્યા રે.

નાથ અમારા કૃપાનિધાન, દક્ષિણામૂર્તિ શ્રી ભગવાન.
દક્ષિણામૂર્તિ શ્રી ભગવાન, નાથ અમારા કૃપાનિધાન.
ભજીએ ભાવે ધરીએ ધ્યાન, દર્શન માત્રથી આપે જ્ઞાન.
દર્શન માત્રથી આપે જ્ઞાન, પોતા સમ કરે તત્કાળ.

તન મળે ઈંદ્રિય મળે, મન—બુદ્ધિ મળી જાય;
મળે વિચારાચાર જો, તો શિષ્ય સદ્‌ગુરુ થાય. ૧

કાષ્ઠ અગ્નિના સંગથી, અગ્નિરૂપ થઇ જાય;
તેમ ગુરુના સંગથી, શિષ્ય ગુરુરૂપ થાય.

કાષ્ઠ અગ્નિમાં પડતાં, કાષ્ઠપણું તેહનું દૂર થાયે;
પ્રભુની ભક્તિ કરતાં, જીવની જીવતા તેમ દૂર જાયે. ૪
સ્પર્શમણિના સ્પર્શે, લોહ જેમ સુવર્ણનું રૂપ ધારે;
તેમ શિવભક્તિયોગે, જીવ પણ શિવ થઇ સુખી થાય ભારે. ૫

શ્રીઅંતર્યામીના આદેશ - (૧૦૮) -- હે મોક્ષેચ્છો! તું વસ્તુતાએ મારાથી લગારે ભિન્ન નથી, માટે તું તારું પૃથક્પણાનું અભિમાન ત્યજી મારાથી પૂર્ણ અભેદ પામ, ને દેહાદિના જે સ્વભાવો છે તે તારા વાસ્તવિક સ્વભાવો નથી, પણ જે મારા સચ્ચિદાનંદાદિ સ્વભાવો છે તે જ તારા વાસ્તવિક સ્વભાવો છે, માટે તારા કલ્પિત સ્વભાવોને સદાગ્રહપૂર્વક મારા સત્ય સ્વભાવોથી અભિન્ન કરી દે. હે સૌમ્ય! હે પ્રિય! તારું વાસ્તવિક સ્વરૂપ અપાર શાંતિરૂપ, નિરવધિ આનંદરૂપ ને નિરંકુશ તૃપ્તિરૂપ છે તેને અભેદભાવે અનુભવી કર્તવ્યના અંતને પામી સર્વદા પ્રસન્ન રહે. ઈતિ. ૐ

દિવ્યપ્રભા ટીકા--(૧૦૮)-- હે મુમુક્ષો! તારું વાસ્તવિક સ્વરૂપ કૂટસ્થ હોવાથી તું વાસ્તવિક રીતે મારાથી લેશ પણ પૃથક્ નથી, માટે તું તારા ભિન્નપણાના કલ્પિત અભિમાનનો પરિત્યાગ કરી મારાથી સર્વ પ્રકારે સંપૂર્ણ એકતા પામ, અને તારા કલ્પિત દેહાદિના જે કલ્પિત સ્વભાવો છે તે તારા વાસ્તવિક સ્વભાવો નથી, પણ મારા જે સદ્રૂપ, ચિદ્રૂપ, આનંદરૂપ, અસંગરૂપ, અવિકારિરૂપ ને વ્યાપકરૂપ આદિ સ્વભાવો છે તે જ તારા સાચા સ્વભાવો છે, તેથી તારા સર્વ કલ્પિત સ્વભાવોને વિવેક, વિરાગ ને શુભાગ્રહ રાખી મારા સત્ય સ્વભાવોથી એક કરી દે. હે પ્રિયદર્શન! હે પ્રિય સજ્જન! તારું પારમાર્થિક સ્વરૂપ નિરવધિ શાંતિરૂપ, અનવધિ સુખરૂપ ને અન્ય કોઇ પણ વિષયથી નહિ દબાય એવા પરિપૂર્ણ સંતોષરૂપ છે તેનો સર્વદા અભેદભાવે અનુભવ કરી કર્તવ્યના અવધિને પામી સદૈવ સુપ્રસન્ન રહે. શોક, ભય ને દુ:ખનો સર્વથા સર્વદા ઉચ્છેદ ને અખંડાનંદની નિત્યપ્રાપ્તિ એ જ મનુષ્યજન્મની સફલતા છે તે તું પ્રાપ્ત કર, ને તારા શુદ્ધસ્વરૂપમાં સ્થિત રહી સર્વ દશ્યનું વિસ્મરણ કર.

(૬) યોગપ્રશિક્ષણ સત્સંગ દાન ---

પરમહંસ શંકરાનંદ સરસ્વતી વિદ્વાન હોવાથી કૃપાળુશ્રીની સાથે ઘણા જ વિનીતભાવે શાસ્ત્રચર્ચા કરવા લાગ્યો; અને છેવટે યોગની કેટલીક ક્રિયાઓ શીખવવા માટે કૃપાળુશ્રીને તેણે વિનતિ કરી. પશ્ચાત્ કૃપાળુશ્રીએ તે વિનતિ સ્વીકારતાં તે રાતના બાર વાગે આનંદથી હાટકેશ્વરને દેવળે પોતાને ઊતારે ગયા.

બીજે દિવસે સવારના સાત વાગે પેલા વૃદ્ધ દંડી સંન્યાસી, તથા બ્રહ્મચારી અને ત્રીજા પરમહંસ સંન્યાસી એમ ત્રણે જણ કૃપાળુશ્રીને ઊતારે આવી લાગ્યા. વૃદ્ધ દંડીસ્વામી ઘણા જ નિર્માની અને ભોળા હોઇ જિજ્ઞાસુ સ્થિતિમાં હતા, અને બ્રહ્મચારી તો મારા જેવા નિરક્ષર હતા, છતાં તે બંને જણ કૃપાળુશ્રીના સમાગમથી બહુ જ ખુશી જણાતા હતા. પરમહંસને વેદની શ્રુતિઓ તથા કેટલુંક બીજું સાહિત્ય કંઠાગ્ર હોવાથી તે સંબંધમાં પોતાની શંકાઓનું સમાધાન કૃપાળુશ્રીને મુખેથી શ્રવણ કરીને તેઓ અતિ આશ્ચર્યસહિત આનંદ મેળવતા હતા.

વૃદ્ધસ્વામી ને બ્રહ્મચારી ત્રણચાર રોજ માંગરોળમાં રહીને વિહાર કરી ગયા, અને પરમહંસ યોગક્રિયાઓ શીખવા માટે રોકાયા. તેમણે ભિક્ષાનું તથા સૂવાબેસવાનું પણ મહાત્માશ્રીના આશ્રમમાં જ રાખ્યું હતું. આશરે પંદરથી વીશ દિવસમાં તેમણે યોગની કેટલીક ક્રિયાઓ શ્રદ્ધાપૂર્વક શીખી લીધી.

"**યોગસાધનની દુર્લભતા**-- યોગસાધન કરવા માટે પ્રથમ શારીરિક તથા માનસિક યોગ્યતા પ્રાપ્ત કરવી જોઇએ, આહાર સત્ત્વગુણી લેવો જોઇએ, ને રહેણીકરણી શુદ્ધ રાખવી જોઇએ. ઉપરાંત યોગનાં આઠ અંગો પૈકી યમ તે નિયમ એ બે આરંભક અંગોનું પાલન બરાબર કરવા માંડવું જોઇએ. એમ કરવાથી ક્રમાત્ આસનપ્રાણાયામાદિ સિદ્ધ કરી ધ્યાનરૂપ યોગમાં પ્રવેશ કરવાની યોગ્યતા આવી શકે. શુદ્ધ આહારવિહારથી શરીરનાં રાજસતામસ પરમાણુઓ—પ્રતિલોમ પરમાણુઓ—દૂર થવા માંડે, ને તેને સ્થળે સત્ત્વગુણી પરમાણુઓ—અનુલોમ પરમાણુઓ—આવવા માંડે. એમ થવાથી માનસિક રાજસતામસ સ્વભાવ બદલાઇ, સત્ત્વગુણી સ્વભાવ પ્રાપ્ત થાય. શરીરમનનું કારણ પ્રકૃતિ ક્ષણપરિણામી હોવાથી એ ફેરફાર ધીમે ધીમે થાય. પૂરતો ફેરફાર થતાં બાર વર્ષ લાગે, ને ત્યારે જ વાસ્તવિક યોગ્યતા પ્રાપ્ત થતાં ખરી રીતે યોગસાધન થઇ શકે.

આ અલૌકિક માર્ગની પ્રાપ્તિ અતિદુર્લભ છે. યોગ એ કાંઇ નટક્રિયા નથી, કે જે તે માણસ તેના અખતરા કરી પ્રાપ્ત કરી લે. એ તો સાત્ત્વિક દેહધારી અધિકારીજનો જ આચરી શકે. આમ હોવાથી તમે યોગ્યતા સંપાદન કરવા પુરુષાર્થ કરો. યોગ્યતા પ્રાપ્ત કરી જિજ્ઞાસા બતાવશો એટલે અહીં તો દ્વાર ખુલ્લાં જ છે."

(૭) સંન્યાસીધર્મ જ્ઞાન પ્રદાન –

પૂજ્યપાદ શ્રીકૃપાનાથજીએ પરમહંસ શકરાનંદ સરસ્વતીને સંન્યાસીધર્મનું નીચે જણાવ્યાનુસાર જ્ઞાન પ્રદાન કરેલું છે.---

ધર્મશાસ્ત્રાદિમાં જે **બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ ને સંન્યસ્ત** એવા નામવાળા ચાર આશ્રમોનું બંધારણ કરેલું જોવામાં આવે છે તે બંધારણ પણ પ્રત્યેક દ્વિજને બ્રહ્મનો સાક્ષાત્કાર કરવાનાં સાધનોને ક્રમથી પ્રાપ્ત કરાવવાનો ઉદ્દેશ ધ્યાનમાં રાખીને કરેલ છે.

બ્રહ્મચારીના વા ગૃહસ્થના વા વાનપ્રસ્થના શાસ્ત્રોક્ત ધર્મોનું શ્રદ્ધાપ્રીતિપૂર્વક યથાયોગ્ય પરિપાલન કરીને જે દ્વિજે પોતાના શરીરને, કર્મેન્દ્રિયોને, જ્ઞાનેન્દ્રિયોને તથા અંતઃકરણને સારી રીતે વશ કર્યાં હોય તેણે જો નિવૃત્તિપ્રધાન પ્રારબ્ધકર્મ ઉદય પામ્યું હોય, અને હિરણ્યગર્ભના ઐશ્વર્યમાં પણ પોતાના અંતઃકરણ વિષે રાગ કે કુતૂહલ ન રહ્યાં હોય તો **વિવિદિષાસંન્યાસ** ગ્રહણ કરી, વિવેકાદિ ચાર સાધનોનો વિશેષ પરિપાક કરી, પવિત્રતા, શ્રદ્ધા, ઉત્સાહ, ધૈર્ય ને સાવધાનતા રાખી, વેદાંતના શ્રવણમાં મનનમાં ને નિદિધ્યાસનમાં વ્યસનવાળા થઇ બ્રહ્મતત્ત્વનો સુદૃઢ સાક્ષાત્કાર કરી કૃતાર્થ થવું. પૂર્વોક્ત ત્રણ આશ્રમમાંથી કોઇ એક આશ્રમમાં રહેલા કોઇ મનુષ્યના અંતઃકરણમાં ઉપર જણાવેલી યોગ્યતા પ્રાપ્ત થયા છતાં પણ સોપાધિક પ્રારબ્ધકર્મના ઉદયથી વા અન્ય પ્રતિબંધથી વિવિદિષાસંન્યાસ ન ગ્રહણ કરી શકાય તો તેણે સર્વ સકામકર્મના પરિત્યાગરૂપ **માનસસંન્યાસ** ગ્રહણ કરી વેદાંતશાસ્ત્રના શ્રવણમનનાદિમાં પ્રવૃત્તિ કરવી. દ્વિજથી ભિન્ન અન્ય મનુષ્યોએ પણ જો પોતાના અંતઃકરણમાં ઉપર જણાવેલી યોગ્યતા પ્રાપ્ત થઇ હોય તો કામ્યકર્મના પરિત્યાગરૂપ માનસસંન્યાસ ગ્રહણ કરી તથા વિવેકાદિ સાધનોને વિશેષ પરિપક્વ કરી યથાધિકાર વેદાંતશાસ્ત્રનું શ્રવણ, મનન ને નિદિધ્યાસન કરી અંતરાત્માથી અભિન્ન બ્રહ્મતત્ત્વનો દૃઢ સાક્ષાત્કાર કરવો.

જો કોઇ મહાપુણ્યશાલી મનુષ્યને પોતાના પૂર્વજન્મનાં પુણ્યોના પરિપાકથી વા વર્તમાનજન્મના ઉત્તમોત્તમ પુરુષપ્રયત્નથી બ્રહ્મચર્યાશ્રમમાં, વા ગૃહસ્થાશ્રમમાં વા વાનપ્રસ્થાશ્રમમાં બ્રહ્મનો દૃઢ અપરોક્ષ અનુભવ થઇ જાય, અને તેમને જીવન્મુક્તિના વિલક્ષણ આનંદનો અનુભવ કરવાની ઇચ્છા પ્રકટે તો તે **વિદ્વત્સંન્યાસ** ગ્રહણ કરી મનોનાશનો ને વાસનાક્ષયનો વિશેષ પરિપાક કરે.

જેમના અંતઃકરણમાં આ લોકના વિષયોમાં તથા પરલોકના વિષયોમાં દૃઢ અરુચિ ઉત્પન્ન ન થઇ હોય તેમણે વિવિદિષાસંન્યાસ ગ્રહણ નહિ કરતાં પોતાની જે આશ્રમમાં સ્થિતિ હોય તે આશ્રમમાં જ રહી પોતાના અંતઃકરણમાં વિવેકવૈરાગ્ય વધારવાનો સુદૃઢ પ્રયત્ન કરવો. સંન્યસ્તાશ્રમનો પ્રધાન ઉદ્દેશ જિજ્ઞાસુને સર્વ પ્રાણિપદાર્થના વાસ્તવિક સ્વરૂપભૂત બ્રહ્મતત્ત્વનો સુસ્પષ્ટ અનુભવ કરાવી કૃતાર્થ કરાવવાનો છે તે વિવેકી પુરુષોને વિદિત જ છે.--શ્રી ઉપદેશગ્રંથાવલિ-અંક ૫૮-૭૩

જો તું સંન્યાસી હોય તો માત્ર કાષ્ઠદંડ ને કાષાયવસ્ત્ર ધરનારો જ ન હોવો જોઇએ, કિંતુ આ લોકના ભોગની, અંતરિક્ષલોકના ભોગની, ને સ્વર્ગથી માંડીને બ્રહ્મલોકસુધીના ભોગોની ઇચ્છાનો સુદૃઢ વૈરાગ્યથી ત્યાગ સેવનારો, ને બ્રહ્માનુભવ કરવા અત્યંત પ્રયત્નશીલ હોવો જોઇએ. (૭૧)

દિવ્યપ્રભા ટીકા--(૭૧)-- જો તું **સંન્યસ્તાશ્રમમાં** હોય તો તું માત્ર વાંસની ત્રણ લાકડી વા વાંસની એક લાકડી હાથમાં રાખનારો ને ભગવાં લૂગડાં પહેરનારો જ ન હોવો જોઇએ, પણ આ પૃથિવીપરના, અંતરિક્ષલોકના, સ્વર્ગલોકના, મહર્લોકના, જનલોકના, તપલોકના ને સત્યલોકના આહાર, સ્ત્રી, વસ્ત્ર, ને દ્રવ્યરૂપ ભોગોની દુરંત તૃષ્ણાનો તીવ્રવૈરાગ્યવડે પરિત્યાગ સેવનારો, અને સર્વ પ્રાણિપદાર્થના વાસ્તવિક સ્વરૂપભૂત બ્રહ્મનો સાક્ષાત્કાર કરવા માટે વેદાંતશાસ્ત્રનું શ્રવણ, મનન ને નિદિધ્યાસન કરવામાં આદરપૂર્વક પ્રયત્ન કરનારો હોવો જોઇએ. સુખપૂર્વક આજીવિકા મેળવવા માટે, કે પૃથિવીપર નિરર્થક ભમવા માટે, કે જેની તેની સાથે નકામા ઝગડા કરવામાં સમય વ્યતીત કરવા માટે તે સંન્યાસીનો વેશ ધારણ કરેલો ન હોવો જોઇએ.--- મુમુક્ષુપ્રતિ શ્રીઅંતયામીના આદેશો

॥ શ્રી સદ્‌ગુરુપરમાત્મા વિજયતે વિજયતે વિજયતે ॥

શ્રવણમનન લેખ પ્રેરક -- ભક્ત શ્રીમાણિક્ય વર્માજી

ઈ-પુસ્તિકા પ્રકાશક -- શ્રી આનંદાશ્રમ- બીલખા [સૌરાષ્ટ્ર] ફોન - 0285-2683255

ઈ-પુસ્તિકા સંપાદન -- શ્રી નરેન્દ્રભાઈ એમ. પટેલ, નવસારી

ઈ-પુસ્તિકા મૂલ્ય -- શ્રદ્ધાપૂર્વક શ્રવણ-મનન 12-10-2025

ઈ-પુસ્તિકા પ્રકાશન કૃતિ - સેવા-સહયોગ

અક્ષરાંકન -પ્રૂફ-વાચન -- રાધેશ્યામ પ્રિન્ટીંગપ્રેસ, ભાવનગર